

“રાત ને દિવસ ચાલી, કેટલા વર્ષ ચાલી, પથ હતો વિકટ કિન્તુ જિંદગી સરસ ચાલી”

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે પરિવર્તન, જવાબદારી અને ધીરજપૂર્વક આગળ વધવાનું વર્ષ બની રહેશે. વર્ષના જુદા જુદા તબક્કામાં ગ્રહોની બદલાતી સ્થિતિને કારણે ક્યારેક ઝડપથી પ્રગતિ થતી જણાશે તો ક્યારેક ધાર્યા પરિણામ માટે રાહ જોવી પડશે. ‘અધીરોને વ્યાકુળ થઈને પામે નહીં કાંઈ તું’ એ યાદ રાખવું પડશે. ઉતાવળને બદલે **આયોજન, આર્થિક શિસ્ત અને સમજદારી રાખવામાં આવે તો વર્ષને લાભદાયી બનાવી શકાશે.**

માનસિક સ્થિતિ : ચિંતાનાં વાદળો વચ્ચે આત્મવિશ્વાસ જાળવજો

વર્ષના પ્રારંભમાં મનમાં એકસાથે અનેક વિચારો ચાલતા રહેવાના કારણે નિર્ણય લેવામાં થોડી દ્વિધા અનુભવાય. ભૂતકાળના કેટલાક પ્રશ્નો કે અધૂરાં કામ ફરી સામે આવી શકે. જો કે આત્મવિશ્વાસ જાળવી રાખશો તો મુશ્કેલ પરિસ્થિતિમાંથી પણ રસ્તો કાઢી શકશો. વર્ષના મધ્યભાગ પછી માનસિક સ્થિતિ વધુ સ્થિર બનશે. **બિનજરૂરી ચિંતા અને નકારાત્મક વિચારોથી દૂર રહેવું જરૂરી રહેશે.** આધ્યાત્મિક પ્રવૃત્તિ, પ્રાર્થના કે ધ્યાન મનને શાંતિ આપી શકે.

આરોગ્ય : જૂના રોગો સામે સાવચેતી રાખજો

આરોગ્યની દૃષ્ટિએ વર્ષ સામાન્યથી મધ્યમ રહેશે. જૂની બીમારી હોય તો તેની અવગણના કરવી નહીં. ખાસ કરીને પાચનતંત્ર, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, સાંધા, કમર તથા થાક જેવી સમસ્યાઓ અંગે નિયમિત કાળજી રાખવી. **ખાણીપીણીમાં અનિયમિતતા અને ઊંઘનો અભાવ સ્વાસ્થ્ય પર અસર કરી શકે છે.** વાહન ચલાવતી વખતે ઉતાવળ ટાળવી. વર્ષના ઉત્તરાર્ધમાં આરોગ્યમાં સુધારો અનુભવાય, છતાં નિયમિત તપાસ, કસરત અને ડૉક્ટરની સલાહને પ્રાથમિકતા આપવી.

ધંધાકીય સ્થિતિ : મહેનતના બળે પ્રગતિનાં દ્વાર ખૂલશે

વેપાર-ધંધો કરતા વૃશ્ચિક રાશિનાં જાતકો માટે વર્ષ મહેનતનું પરંતુ પરિણામ આપનારું રહેશે. નવાં ગ્રાહકો, નવા સંપર્કો અને નવા બજાર સાથે જોડાવાની તક મળી શકે. **નવા વર્ષના પ્રારંભમાં ગુરુ સિંહ રાશિમાં હોવાથી વ્યવસાયમાં વિસ્તરણ, નવા પ્રોજેક્ટ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે સંપર્ક તથા વ્યવસાયિક ઓળખ વધવાની તકો ઊભી થઈ શકે.** જો કે મોટું મૂડીરોકાણ કે નવી ભાગીદારી કરતા પહેલાં સંપૂર્ણ તપાસ કરવી. ૫ ડિસેમ્બર ૨૦૨૬ પછી રાહુ મકર રાશિમાં પ્રવેશ કરતાં નવા સાહસ, માર્કેટિંગ, સેલ્સ, કમ્યુનિકેશન અને નવા વ્યાવસાયિક સંપર્કોમાં ગતિ આવી શકે. નવી ટેક્નોલોજી કે નવી કાર્યપદ્ધતિ અપનાવવાથી લાભ થઈ શકે. ૨૫ જાન્યુઆરી ૨૦૨૭થી ગુરુ ફરી કર્ક રાશિમાં આવતાં દૂરના સ્થળો, વિદેશી સંપર્કો કે નવા બજાર સાથે જોડાયેલા વ્યવસાયમાં તક મળી શકે. ૨૬ જૂન ૨૦૨૭થી ગુરુ ફરી સિંહ રાશિમાં આવતાં ધંધાકીય પ્રગતિ અને પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેતો વધુ મજબૂત બનશે.

નોકરી : વધતી જવાબદારી સાથે પ્રતિષ્ઠામાં વધારો

નોકરી કરતાં જાતકો માટે જવાબદારી વધે તેવા સંકેતો છે. **કામનું ભારણ વધવા છતાં તમારી કાર્યક્ષમતાની નોંધ લેવાશે.** ઉપરી અધિકારીઓ સાથે મતભેદ થાય તો આક્રમક વલણને બદલે સંયમપૂર્વક વાત કરવી. પ્રમોશન, વિભાગીય ફેરફાર કે નવી જવાબદારીની તક ઊભી થઈ શકે. નોકરી બદલવાનો વિચાર કરતા હો તો માત્ર વધુ પગારને આધારે નિર્ણય ન લેવો; સંસ્થાની સ્થિરતા અને લાંબા ગાળાની તક પણ ધ્યાનમાં લેવી.

નાણાંકીય સ્થિતિ : આવકની તકો વધશે, ખર્ચમાં સંયમ રાખજો

આવકની દૃષ્ટિએ વર્ષ સારું રહી શકે, પરંતુ તેની સાથે ખર્ચ પણ વધે તેવી શક્યતા છે. ઘર, વાહન, શિક્ષણ, આરોગ્ય કે પરિવાર સંબંધિત ખર્ચ બજેટને અસર કરી શકે. અટવાયેલાં નાણાં પાછાં મળવાની શક્યતા રહેશે. નવા વર્ષના પ્રારંભમાં ગુરુ સિંહ રાશિમાં હોવાથી કારકિર્દી અને વ્યવસાય દ્વારા આવક વધારવાની નવી તકો મળી શકે, પરંતુ **આવક વધવાની સાથે**



પ્રતિષ્ઠા અને સુખસગવડ પાછળનો ખર્ચ પણ વધી શકે. ૫ ડિસેમ્બર ૨૦૨૬ પછી રાહુના મકર ગોચરથી નવા આવકસ્રોત શોધવાની વૃત્તિ વધશે, પરંતુ ઝડપથી નફો મેળવવાની લાલચમાં જોખમી રોકાણથી દૂર રહેવું. ૩ જૂન ૨૦૨૭થી શનિ મેષ રાશિમાં પ્રવેશ કર્યા પછી લોન, દેવું, હપ્તા અને **નિયમિત નાણાંકીય જવાબદારીઓનું આયોજન વધુ શિસ્તબદ્ધ રીતે કરવું જરૂરી બનશે.** બચત અને લાંબા ગાળાનું નાણાંકીય આયોજન લાભદાયી રહેશે.

પારિવારિક અને પ્રેમ સંબંધો : ગેરસમજ દૂર થશે, સંબંધોમાં મધુરતા વધશે

પરિવારમાં શરૂઆતના સમયમાં નાની બાબતે ગેરસમજ ઊભી થઈ શકે. વડીલોની સલાહ ઉપયોગી સાબિત થશે. જીવનસાથી સાથે વાતચીતમાં સ્પષ્ટતા અને ધીરજ રાખવાથી સંબંધ વધુ મજબૂત બનશે. **સંતાનની પ્રગતિથી આનંદ મળે. સંતાનના અભ્યાસ, કારકિર્દી કે લગ્ન અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવાઈ શકે.** પ્રેમસંબંધમાં લાગણીની સાથે વ્યવહારુ સમજ પણ જરૂરી રહેશે. વર્ષના ઉત્તરાર્ધમાં પરિવાર સાથે પ્રવાસ કે શુભ પ્રસંગની શક્યતા બને.

શિક્ષણ : એકાગ્રતા અને પરિશ્રમથી સફળતા મળશે

વિદ્યાર્થીઓ માટે મહેનતનું યોગ્ય પરિણામ આપનારું વર્ષ છે. સ્પર્ધાત્મક પરીક્ષા, ઉચ્ચ અભ્યાસ તથા ટેકનિકલ કે વ્યાવસાયિક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ એકાગ્રતા જાળવવી પડશે. **અભ્યાસમાં વારંવાર વિષય કે લક્ષ્ય બદલવું નુકસાનકારક બની શકે.** વિદેશમાં અભ્યાસ માટે પ્રયાસ કરતા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન સાથે આગળ વધવાથી તક મળી શકે.

કોર્ટ-કચેરી : જૂના વિવાદોમાં સમાધાનના સંકેત મળશે

કોર્ટમાં ચાલી રહેલા કેસોમાં ઉતાવળથી પરિણામની અપેક્ષા ન રાખવી. જૂના વિવાદોમાં સમાધાનની શક્યતા ઊભી થઈ શકે છે. મિલકત, ભાગીદારી કે નાણાંકીય વ્યવહારને લગતા વિવાદોમાં લેખિત પુરાવા અને દસ્તાવેજો મહત્વપૂર્ણ સાબિત થશે. કાયદાકીય કાર્યવાહી કરતાં પહેલાં યોગ્ય સલાહ લઈને આગળ વધવું લાભદાયી રહેશે. **વર્ષના ઉત્તરાર્ધમાં લાંબા સમયથી અટવાયેલા મામલામાં ગતિ આવી શકે.**

સરકારી કામકાજ : વિલંબ પછી સફળતાનો માર્ગ ખૂલશે

સરકારી કચેરી, પરવાનગી, લાઇસન્સ, ટેક્સ કે અન્ય વહીવટી કામોમાં શરૂઆતમાં થોડો વિલંબ થઈ શકે. જરૂરી દસ્તાવેજો અધૂરા ન રહે તેની તકેદારી રાખવી. **અધિકારીઓ સાથે બિનજરૂરી વિવાદ ટાળવો.** નિયમસર અને લેખિત પ્રક્રિયા દ્વારા આગળ વધવાથી અંતે કામ થવાની શક્યતા વધારે રહેશે.

પ્રવાસ : ધાર્મિક અને વ્યાવસાયિક પ્રવાસના યોગ

વર્ષ દરમિયાન નાના-મોટા પ્રવાસોની શક્યતા રહેશે. વ્યવસાય કે નોકરીને કારણે બહારગામ જવું પડી શકે. પરિવાર સાથે ધાર્મિક કે મનોરંજન પ્રવાસનું આયોજન પણ થઈ શકે. લાંબી મુસાફરીમાં આરોગ્ય, દવાઓ અને સામાનની કાળજી રાખવી. **વર્ષના મધ્યભાગ પછીના પ્રવાસો વધુ આનંદદાયક અને લાભકારક બની શકે છે.**

સ્ટોક માર્કેટ : ઉતાવળ ટાળશો તો લાભમાં રહેશો

શેરબજારમાં રોકાણ કરતી વખતે આપે ઉતાવળ અને અતિસટ્ટાકીય વલણથી દૂર રહેવું. ટૂંકા ગાળાના ઝડપી નફાની અપેક્ષા કરતાં સારી ગુણવત્તાની કંપનીઓમાં વિચારપૂર્વક રોકાણ વધુ યોગ્ય રહેશે. એક જ ક્ષેત્ર કે શેરમાં વધારે મૂડી રોકવાને બદલે વૈવિધ્ય રાખવું. **બજારમાં અચાનક વધઘટ થાય ત્યારે ભય કે લાલચના આધારે નિર્ણય ન લેવો.** લાંબા ગાળાના રોકાણકારો માટે યોગ્ય તબક્કે સારી તકો ઊભી થઈ શકે.

(શીર્ષક પંક્તિ : અમૃત ઘાયલ)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુની અસર :** નવા વર્ષના પ્રારંભમાં ગુરુ સિંહ રાશિમાં રહેશે. ૨૫ જાન્યુઆરી ૨૦૨૭થી વક્રી ગતિએ ફરી કર્ક રાશિમાં આવશે અને ૨૬ જૂન ૨૦૨૭થી ફરી સિંહ રાશિમાં પ્રવેશ કરશે. **ગુરુનો આ પ્રભાવ ભાગ્ય, ધર્મ, પ્રવાસ, કારકિર્દી અને પ્રતિષ્ઠાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ રહેશે.** કારકિર્દીમાં નવી જવાબદારી, પ્રગતિ તથા માન-સન્માનની તક મળી શકે.

● **શનિની અસર:** શનિ વર્ષના મોટા ભાગ દરમિયાન મીન રાશિમાં રહેશે અને ૩ જૂન ૨૦૨૭થી મેષ રાશિમાં પ્રવેશ કરશે. મીન રાશિનો શનિ સંતાન, શિક્ષણ, આયોજન અને રોકાણના વિષયોમાં ધીરજની કસોટી કરાવી શકે. સટ્ટાકીય રોકાણમાં ખાસ સાવચેતી રાખવી. **મેષમાં પ્રવેશ પછી નોકરી, સ્પર્ધા, દેવું અને વિરોધીઓ સામે ધીમે ધીમે અનુકૂળતા વધે** તેવી શક્યતા રહેશે.

● **રાહુની અસર:** રાહુ ૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી કુંભ રાશિમાં રહી ત્યારબાદ મકર રાશિમાં પ્રવેશ કરશે અને કેતુ તે જ સમયે સિંહમાંથી કર્ક રાશિમાં જશે. શરૂઆતમાં ઘર-પરિવાર, મિલકત કે માનસિક શાંતિ અંગે થોડો અસંતોષ રહી શકે. **રાહુ મકરમાં આવ્યા પછી સાહસ, સંપર્ક, સંચાર અને નવા પ્રયાસોમાં વધારો થશે.** ભાઈ-બહેન કે નજીકના સંબંધોમાં ગેરસમજ ન થાય તેની કાળજી રાખવી. કેતુનું કર્કમાં પરિભ્રમણ ધાર્મિક અને આધ્યાત્મિક વિચારસરણીમાં પરિવર્તન લાવી શકે છે.